# ઘોરવાડા પ્રાથમિક શાળાના ઓરડા તૂટતાં શિષ્યો ઝાડના છાંયે ગુરુ પાસે શિક્ષણ લે છે

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ઘોરવાડા ગામે નવું શિક્ષણ સત્ર ચાલુ થયા બાદ નોન યુઝ ઓરડા તોડી પડાતા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ચાલુ ચોમાસાની સીઝનમાં ગુરુ પાસેથી જ્ઞાન લેવા મેદાનમાં ઝાડના છાયે બેસવું પડે છે. આ અંગે પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકને આ અંગે પૂછતા તેમને જણાવેલ કે ધોરણ-૧ થી ૮ ચાલે છે જેમાં ૬૮ વિદ્યાર્થીઓ અને ૪૫ વિદ્યાર્થીનીઓ મળી કુલ-૧૧૩ વિદ્યાર્થીઓને બે શિક્ષકો અને ચાર શિક્ષિકાઓ મળી છ નો સ્ટાફ વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. શાળાના ઓરડા નોન યુઝ કરાતા થોડાક દિવસો પહેલા તોડી પડાયા છે. જેથી ચોમાસામાં કોરૂ નીકળતા ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓને ઝાડના છાયે બેસાડી અભ્યાસ કરાવીએ છીએ. બીજી તરફ તોડી પડાયેલા ઓરડા બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરી છે અને આગામી દિવસોમાં કામ પણ શરૂ થઈ જશે તેવું પણ જણાવેલ હતું અને આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે ગામમાં વૈકલ્પિક વ્યવસ્થા પણ કરેલ છે. આ અંગે જિલ્લા પ્રાથણિક શિક્ષણાધિકારી પ્રકાશ ત્રિવેદીને પૂછતા જણાવેલ કે જિલ્લાના તેર તાલુકામાં ૨૬૫૬ પ્રાથમિક સ્કૂલો કાર્યરત છે જેમાં ૨ લાખ ૮૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન જિલ્લાના તેર તાલુકામાં અંદાજે ૫૦ કરોડના ખર્ચે ૭૫૦ ગ્રાઉન્ડ ફ્લોર રૂમો અને ૧૮૦ મલ્ટી લેવલ રૂમો બનનાર છે જેમાંથી ૩૫૦ ગ્રાઉન્ડ ફ્લોર રૂમો અને ૧૬ મલ્ટી લેવલ રૂમોનું કામ પણ શરૂ થઈ ગયું છે અને આગામી દિવસોમાં બાકીના કામો પણ શરૂ કરવામાં ાવશે. જ્યારે ચાલુ વર્ષે માર્ચ મહિના બાદ ૬૫ રૂમો નોન યુઝ કરવા માટે શિક્ષણ સમિતિ દ્વારા યાદી આવી છે જે અંગેની કામગીરી ચાલુ છે. જિલ્લાની પ્રાથમિક શાળામાં જો ત્રણ થી ઓછા રૂમ બનાવવા માટે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા મંજુરી મળે છે પરંતુ મલ્ટી લેવલ રૂમો માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસેથી મંજુરી માંગવી પડે છે અને તેની ગ્રાન્ટ પણ ત્યાંથી આવે છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પૂછવામાં આવેલ કે ચોમાસાની સીઝનમાં જ કેમ ઓરડા તોડવાની અને બનાવવાની કામગીરી હાથ ધરાય છે વેકેશનમાં કેમ નહિ તો તે અંગે જમાવેલ કે ગામની સ્કૂલમાં નિર્ણય લેવા માટેસ્કૂલ મેનેજમેન્ટ કમિટિ હોય છે મુખ્ય શિક્ષક હોય છે. પણ તે વેકેશન પડતાં આવી શકતા નથી માટે નવી કામગીરી સ્કૂલનું સત્ર ચાલુ થાય ત્યારે શક્ય બને છે. પણ હવેથી સરકારે આચાર્યની પોસ્ટ પર ભરતી ચાલુ કરી દીધી છે. તેથી આગામી સમમાં નવા ઓરડા બનાવવાની કામગીરી પણ શક્ય બનશે. બીજી વાત એ છે કે બજેટ ફાળવાય છે પણ તે નાણાંની ફાળવણીની કાર્યવાહીમાં સમય વધુ લાગે છે.

**જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩માં અંદાજે ૫૦ કરોડથી વધુના ખર્ચે ૯૩૦ પ્રાથમિક શાળામાં નવા ઓરડા બનશે**

# પાલનપુર-દિલ્હી હાઈ-વે પર પોલીસના ડરના કારણે પૂરઝડપે જતા ટ્રેલરે બે વિદ્યાર્થીઓને કચડી નાખતાં બેનાં મોત

પાલનપુર, તા. ૧૯

પાલનપુરના દિલ્હી હાઈવે પર આવેલ સાંઈબાબાના મંદિર પાસે સવારના સમયે ટ્રાફીક પોલીસ દ્વારા ટ્રેલરનો પીછો કરીને ફિલ્મી ઢબે રોકાવવા જતાં ગભરાયેલા ટ્રેલરના ચાલકે શાળાએ જતાં ધો. ૧૨ના બે વિદ્યાર્થીઓને કચડી નાખતાં બન્ને છાત્રોનું ઘટના સ્થળે કરૂણ મોત નીપજતાં ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુર દિલ્હી હાઈવે પર સ્થાનીકોના જણાવ્યાનુસાર ટ્રાફીક પોલીસની ગાડી પૂરઝડપે આવી રહેલ. ટ્રકની પાછળ પડેલી હતી. જેના કારણે ટ્રકનો ચાલક પૂરઝડપે ટેન્કર હંકારતાં પોલીસે તેનો પીછો ફિલ્મી ઢબે કરીને અટકાવવાનો પ્રયાસ કરવા જતાં તે સમયે પાલનપુર તાલુકાના આંત્રોલી ગામના વિજયસિંહ અંતરસિંહ ચૌહાણ ઉં.વ. ૧૮ તથા દિનેશસિંહ શાંતુજી ચૌહાણ ઉં.વ. ૧૮ બન્ને રહેવાસી આંત્રોલી તા. પાલનપુરવાળા. ધો. ૧૨માં અભ્યાસ કરતા હતા. જેઓ બાઈક પર શાળાએ જઈ રહ્યા હતા ત્યારે પોલીસના ડરના કારણે પૂરઝડપે માતેલા સાંઢની જેમ આવી રહેલા ટેન્કર ચાલકે બન્ને વિદ્યાર્થીઓને હડફેટે લેતાં અને ટાયરમાં ચગદી નાખતાં બન્ને છાત્રોના સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યા હતા. અકસ્માત સર્જાતા લોકોના ટોળેટોળા એકઠા થતા સ્થાનીકોના જણાવ્યા મુજબ ટ્રાફીક પોલીસની અવળચંડાઈના કારણે અકસ્માત સર્જાયો છે. પોલીસને જાણ થતાં પોલીસસ્ટાફ અને ગાડીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. જ્યારે ટ્રકના ટાયરમાં ફસાયેલા છાત્રોની લાશો કાઢવા માટે બે મોટી ક્રેનો બોલાવી ટ્રકને ઉંચકીને લાશો બહાર કાઢવામાં આવી હતી. જ્યારે તે દમ્યાન લોકોના ટોળાએ ટ્રાફીક પોલીસની ગાડી જેના કારણે ઘટના સર્જાઈ છે તેવા લોકો દ્વારા આક્ષેપો કરીને પાછા બોલાવવાની માંગ કરતાં પોલીસે ટ્રાફીક પોલીસ અને ગાડીને ન બોલાવતાં લોકોનો આક્રોશ વધતાં પોલીસની ગાડીઓને નિશાન બનાવી પથ્થરમારો કરતા પોલીસના સાત ઉપરાંત વાહનોનો કચ્ચરઘાણ કરી નાખ્યો હતો અને દિલ્હી હાઈવે ચક્કાજામ કરી નાખતાં કિલોમીટર સુધી વાહનો ખડકાયા હતા. પોલીસના કાફલાએ લાઠીચાર્જ કરીને ટોળાને વીખરતા અને બન્ને લાશોને પાલનપુર સિવિલના પી.એમ. ખાતે લવાયા હતા. હાલમાં પરિસ્થિતિ સ્ફોટક જેવી જાણવા મળેલ છે.





# ખેતીને થતા વ્યાપક નુકસાન કરતી નિલ ગાયોને વન્ય પ્રાણીમાં સમાવેશ કરવા માગ

સાબરકાંઠા, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લામાં નિલગાયો અને ભુંડના ત્રાસથી ખેડૂતોના ખેતરમાં ઉભા પાકને વ્યાપક નુકશાન થાય છે. આ નિલગાયને વન્ય પ્રાણી જાહેર કરવા માટે ખેડૂતઆલમમાં માંગ ઉઠવા પામી છે. અને જો તેમ નહી કરવામાં આવે તો ઉગ્ર સત્યાગ્રહની ચીમકી પણ ખેડૂતો દ્વારા આપવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લામાં નિલગાયોથી ખેતરમાં વ્યાપક નુકશાન થાય છે અને તેનાજ કારણે ખેડૂતોને રાત્રે પણ ખેતરમાં રોકાઈ ઉજાગરા કરવા પડે છે. આ મામલે ખેડૂતોએ સરકારમાં વ્યાપક પ્રમાણમાં લેખીત અને મૌખીક રજૂઆતો કરવા છતાં પણ આનો યોગ્ય નિકાલ આવતો નથી. વારંવાર ધારાસભ્ય અને વનમંત્રીને રજૂઆત કરવા છતાં પણ આનો યોગ્ય નિકાલ આવતો નથી.

આ નિલ ગાયોને ખેડૂતો મારી પણ શકતા નથી. કારણ કે સરકારે આના ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે અને જો આવુ થાય તો ખેડૂતોના ઉપર કેસ કરવામાં આવે છે. ખેડૂતોની સાથોસાથ હાઈવે ઉપર થતા અકસ્માતોમાં પણ નિલગાય રસ્તા ઉપર આવતા ઘણા અકસ્માત થયા છે અને ઘણા માણસોએ જીવ પણ ગુમાવવા પડ્યા છે. નીલગાયોના ત્રાસની વારંવાર રજૂઆત કરવાછતાં પણ યોગ્ય નિકાલ આવતો નથી.

## સાબરકાંઠામાં શ્રાવણ માસ મહાદેવને રીઝવવા ધમધમશે

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના શિવાલયો શ્રાવણ માસમાં ગુંજી ઉઠશે. મંદિરો રોશની અને રંગરોગાનથી ઝળહળી ઉઠશે. મોટામાં મોટા દેવ મહાદેવને યુવાનો, બાળકો, વૃદ્ધો આરાધના કરશે. દેશ પરદેશમાં વસતાં લોકો પોતાના વતનમાં શ્રાવણ માસમાં આરાધના કરવા આવશે.

સાબરકાંઠા જિલ્લામાં શિવાલયો યાત્રાળુઓથી ધમધમી ઉઠશે. સપ્તેશ્વર, વીરેશ્વર, શરણેશ્વર, મુગ્ધેશ્વર, કર્ણનાથ ભવનાથ જેવા પ્રખ્યાત શિવાલયોમાં દર સોમવારે મેળા ભરાય છે. ટ્રાવેલ્સવાળાને આ મહિનો ધંધામાં શ્રેષ્ઠ પુરવાર થશે. મહાદેવના મંદિરોમાં બિલિપત્રો, ધતુરાના ફુલ, કમળ ચઢાવવામાં આવે છે. સમગ્ર જિલ્લામાં નમઃ શિવાયથી ગુંજશે. શ્રાવણ માસમાં શિવને પ્રસન્ન કરવાનો માસ છે. શ્રાવણ માસ એટલે સંત્સગ, ભજનો, ખેડૂતો પણ શિવની આરાધના કરે છે.



ભારતીય સંસ્કૃતિમાં શ્રાવણ મહીનાનું ઘણુ મહત્વ છે. શ્રાવણ મહીનો એટલે ટહેવારો તથા અત્સવોનો મહીનો છે. બધા શીરમોર ભગવાન શિવજીની ઉપાસનાનો વ્રત નો મહીનો એટલે શ્રાવણ મહીનો શિવ પુજનથી શ્રાવણની ઉજવણી નો "ારંભ થાય છે. અને શિવ તરફ જવાની "રણા અને ગતી આપે છે. આ શિવનું ચિંતન જરૂરી છે. શિવ એટલે કલ્યાણ કલ્યાણ ,શંકર એટલે શકરોતી કલ્યાણ કરનાર ભગવાન શંકર જ છે. એ શ્રધ્ધાંથી ભગવાન શીવની આરાધના કરી તેમાં તવરૂપ થવાનો અભ્યાસ કરવાનો મહીનો એટલે શ્રાવણ મહીનો .આવતી કાલથી તમામ જીલ્લાના શીવલયો ઓમ નમઃ શીવાય નાદથી ગુંજી ઉઠશે. અને શીવ ઉપાસકો શીવ ભકતીમાં લીન થઈ ભગવાન શંકરને ફુલ , બીલીપત્ર, દુધ ,અબીલ-ગુલાલ થી ભગવાન શંકરની પુજા કરી પોતાની મનોકામના પુર્ણ કરશે. અને જીલ્લાના તમામ શીવલયો શ્રાવણ મહીના માટે વીવીધ વસ્તુઓથી શણગારાશે.

## બાયડ હાઈસ્કુલમાં એન.એસ.એસ. અને ઈકો કલબ અંર્તગત વૃક્ષારોપણનો કર્યક્રમ યોજાયો

બાયડની શ્રી એન.એચ.શાહ હાઈસ્કુલમાં એન.એસ.એસ. અને ઈકો કલબ અંર્તગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં શાળા કેમ્પસમાં બાયડ કેળવણી મંડળના ઈ.ચેરમેન શ્રી ધનજીભાઈ પટેલ, મંત્રીશ્રી વીઠ્ઠલભાઈ પટેલ, આચાર્યશ્રી ઉન્મેષભાઈ પટેલ, સુપરવાઈઝર શ્રી વી.એમ.પટેલ તથા સી.આર પંડયા, ઓ.એસ શ્રી ભરતભાઈ તથા શાળા ના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષો રોપવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવવા એન.એસ.એસ કન્વીર રાકેશભાઈ પટેલ, જે.યુ. મલેક, ઈકો કલબ ઈન્ચાર્જ મહેશભાઈ પટેલ તથા બી. કે. રાવલ, બી.સી. પટેલ તથા સાજીદ મીરઝા, આર. જે. પટેલ વગેરે શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# લોદરા ગામે સાત જુગારીયા ઝડપાયા

માણસા, તા. ૧૯

પવિત્ર શ્રાવણ માસના પ્રારંભની પૂર્વ સંધ્યાએ માણસાના લોદરા ગામે જુગાર રમવાની શરૂઆત થતા માણસા પોલીસે બાતમીના આધારે દરોડો પાડી સાત જુગારીયાઓને રંગેહાથ જુગાર રમતા રોકડ અને સાહિત્ય સાથે ઝડપી પાડ્યા હતા અને તમામ વિરૂદ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ માણસા પોલીસમથકના પી.આઈ. બી.એન. દવેને તાલુકાના બાતમી મળી હતી કે તાલુકાના લોદરા ગામે એક મકાનમાં શકુનીઓ શરૂ થઈ રહેલા શ્રાવણ માસને જુગારથી ઉજવવામાં મસ્ત બની જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે બીટ જમાદાર બળદેવભાઈ દેસાઈને સૂચના આપતા તેઓએ બાતમી સ્થળે રેડ કરી હતી અને મકાનમાં તીન પત્તીનો જુગાર રમતા જુગારીયાઓ જીવણ માધાભાઈ રાવળ, જગદીશ મોહનભાઈ દરજી, ત્રિભોવન કાનજીભાઈ પરમાર, બળદેવ હરિભાઈ પટેલ, સુરેશ નાથાજી ઠાકોર, કમલેશ પ્રતાપભાઈ પટેલ અને ભરત મફતલાલ પટેલ સહિત કુલ સાતને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને રૂ. ૧૮૦૦નો મુદ્દામાલ કબજે કરી તમામ વિરૂદ્ધ જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખેડબ્રહ્મા મંદિરમાં દર્શને ગયેલી યુવતી ગૂમ

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુરા આમોદ્રા ગામના રામચંદ્ર છોટાલાલ પંચાલની ૧૯ વર્ષની દિકરી ભગવતીબેન તેમના પાડોશીઓની સાથે ૩જી જુલાઈના રોજ ઘરેથી ખેડબ્રહ્મા માતાજીના દર્શન કરવા માટે ગઈ હતી. જ્યારે બપોરેના ત્રણ વાગ્યેના સમયે મંદિરમાંથી પાણી પીવા જાઉં છું. તેમ કહીને ગઈ હતી. જે પરત ના આવતા રામચંદ્ર પંચાલે ખેડબ્રહ્મા પોલીસ મથકે મંગળવારના રોજ જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે ગુનો નોંધી ગુમ યુવતીની શોધખોળ હાથ ધરી છે

## ઉત્તર ગુજરાતમાં મોંઘવારીથી પીસાતો મધ્યમ વર્ગ

હિંમતનગર, તા. ૧૯

જીવન જરૂરિયાત ચીજોના ભાવો દિવસે ન વધે તેટલા રાત્રે વધે છે. પેટ્રોલ- ડિઝલ, શાકભાજી, તેલ, ગોળ, દુધ, છાશ, કઠોરના ભાવો આજે વધવા લાગ્યા છે. કપાસીયા તેલ ૯૦ રૂા., ખાંડ ૪૦ રૂા., ચા ૩૦૦ રૂા., સીંગતેલ ડબ્બો રૂા. ૨૨૦૦, સાબુ, પાવડરના ભાવ વધે છે. શાકભાજીના ૩૦ થી ૪૦ રૂપિયા ભાવે વેચાય છે. કોઈપણ વસ્તુના ભાવો મર્યાદામાં નથી.

શ્રાવણની સાથે સાથે રમઝાન માસ આવેલ છે. ચૂંટણીના નગારા વાગે છે. રાજકીય પક્ષો આમ આદમી પીસાતા ભાવોની ચિંતા નથી. આત્મહત્યાના બનાવો વધવા લાગ્યા છે. રોજગારીના અભાવે લૂંટફાટ, ચોરીનો ઉપદ્રવ વધ્યો છે. આમ જનતા મોંઘવારી, બેરોજગારી ત્રાસી ગઈ છે.

# ખેડબ્રહ્માથી ખેરોજ સુધી બનેલા નવિન રોડનું કામ પૂર્ણ પણ ન થતાં પ્રથમ વરસાદે જ પોલ ખોલી નાખી

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા આર.એન્ડ બી. સ્ટેટ દ્વારા કરવામાં આવેલ તેમજ હાલમાં ચાલી રહેલ ખેડબ્રહ્માથી ખેરોજ નવિન ડામર રોડનું કામ પૂર્ણ પણ નથી થયું ત્યાં જ પ્રથમ વરસાદમાં જ કરોડો ઉપરના બજેટવાળા નવિન બની રહેલ ડામર રોડના કામની પોલ ખુલી જવા પામી છે.

હાલમાં પડેલા પ્રથમ વરસાદની અંદર ખેડબ્રહ્માથી ખેરોજ સુધી કરવામાં આવેલ આ નવિન ડામર રોડની સાઈડોની માટી સમેત રોડ સાઈડોની અંદર વધારાવામાં આવેલ. ડામર રોડ સબી જતા ઠેર ઠેર આ ડામર રોડના ખાડાઓ પડી ગયા છે તેમજ રોડ દબી જતા આ રોડ કામની અંદર તંત્ર દ્વારા વેઠ ઉતારવામાં આવી હોય ખેડબ્રહ્માથી ખેરોજ સુધીના આ બનેલા નવિન રોડ ઉપર કરવામાં આવેલ ગરનાળાઓના ઉપર કરવામાં આવેલ માટી કામની અંદર કોઈ જ પિચીંગ કામ તેમજ લેવલીંગ બરોબર કરવામાં ન આવતા આવા ગરનાળાઓ ઉપર કરેલ સાઈડોનું ડામર કામ દબાઈ ગયું હોવાના લીધે કોઈ મોટું વજનદાર વાહન પસાર થાય તો ગંભીર અકસ્માતનો ભય ઉઠવા પામેલ છે.

# ૩૬ વર્ષ બાદ શ્રાવણ-રમજાન એક સાથે આવતાં કોમી એખલાસના દર્શન

બાયડ, તા. ૧૯

આજના આ આધુનીક યુગમાં દરેક ધર્મના લોકો માટે ધાર્મિક તહેવારો વીષે ખાસ મહત્વ હોય છે, ત્યારે આ હિંદુઓનો પવિત્ર ગણાતો ત્યૌહાર શ્રાવણ માસ અને મુસ્લિમો માટે પવિત્ર ગણાતો તહેવાર રમજાન માસ આ બન્ને તહેવારો ૩૬ વર્ષ જેટલા લાંબા સમયગાળા પછી એક સાથે આવતા આ વખતે કોમી એકતાનું વાતાવરણ છવાઈ જશે. આ વર્ષે તા.૨૦ જુલાઈ ને શુક્રવારથી શ્રાવણ માસનો પ્રારંભ થાય ને તા.૨૧ જુલાઈને શનિવારના રોજથી મુસ્લીમ સમાજના પવિત્ર રમજાન માસનો પ્રારંભ થઈ રહયો છે. એટલે આ વખતે હિન્દુ સમાજ શ્રાવણ માસની અને મુસ્લીમ સમાજ રમઝાન માસની એક સાથે ધર્મોલ્લાસભેર ઉજવણી કરશે.

હવે પછી ૩૬ વર્ષ બાદ રમજાન માસ અને શ્રાવણ માસ એક સાથે ઉજવણી થાય તેવો સુભગ સમન્વય આવશે. શ્રાવણ માસનો શુક્રવારથી આરંભ થતાં ભકતો શિવભકતીમાં એકલીન થઈ તલલીન થઈ જશે. આ માસમાં શિવજીની જળ, દૂધ, બીલીપત્ર વિગેરે અર્પણ કરી પૂજા કરશે, તો ઉપવાસ અને ફળાહાર વિગેરે થશે. તો બીજી બાજુ શુક્રવારે ચાંદ દેખાશે તો શનિવારથી રમજાન માસનો પ્રારંભ થશે. આ માસમાં મુસ્લીમ બીરાદરો ૩૦ દિવસ સુધી રોઝા રાખશે અને દાન પુણ્ય કરી ઈબાદત કરશે. આમ આ વખતે પવિત્ર શ્રાવણ માસ અને રમજાન માસની એક સાથે ઉજવણી થતાં ચો તરફ ધાર્મીક માહોલ છવાઈ જશે.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટચૂકડી જાહેર ખબર
અટળક નાણાં કમાઓ
વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩
(અમૂલ્ય તક ૧૦૦%)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧